જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૨ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બીયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૫ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૬૧,૭૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૦૯૨/૨૦૨૫**

દાણીલીમડાઃ ફિરોજખાન કાલેખાન પઠાણ (ઉ.વ.૪૧) (રહે.ગોઠાજ તા.મહેમદાવાદ જી.ખેડા) શાહઆલમનગર બેરલ માર્કેટ "મધુ ટેક્ષ્ટાઈલ્સ" ખાતે તા.૨૬/૦૭/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે શેડ ઉપરથી પતરાં ઉતારવાની મજુરી કામ કરતા હતા ત્યારે લપસી જતા ૫૦ ફૂટની ઉંચાઈથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૮/૨૦૨૫ કલાક ૨/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૩/૨૦૨૫**

અમરાઈવાડીઃ રેખાબેન ઉર્ફે હિનાબેન વા/ઓ ભાવેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૨)(રહે.હિરા ભરવાડની ચાલી, સત્યમનગર શાક માર્કેટ પાસે, નાગરવેલ રોડ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૮/૨૦૨૫ રાતના ૯/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.ખુમાણ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી